સલામી સવારની..

સુપ્રભાતમ્
સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

ખૅંચાય છે દોરી, 'સુપ્રીમ'નું સ્વાતંત્ર્ય ફફડે છે,
ખૅંચાય છે તલવાર, તપાસ-સંસ્થા ફફડે છે
ફફડે છે બંધારણ બહુમતિના સાણસામાં -
ખૅંચાય દોરી ને પવન વિના ધ્વજ ફફડે છે!!
(ધ્વજ વંદન)

હાઈકુ

શ્રદ્ધા વિનાનું,
આ એક કર્મકાંડ -
છે પરંપરા

ઉમંગ વિના -
રાષ્ટ્રીય તહેવાર -
થયો રાબેતો...

ચિંતન

ન દેહો ન ચાક્ષાણિ ન પ્રાણવાયુર્મનો નાપિ બુદ્ધિર્ન ચિત્તં હાહંધીઃ ।
યદેષામધિષ્ઠાનભૂતં વિશુદ્ધં સદૈકં પરં સત્તદેવાહમસ્મિ ॥

ઉપરોક્ત શ્લોક બ્રહ્મસૂત્રમાંથી લેવામાં આવેલ છે.

દેહ સત્ નથી, ઈન્દ્રિયો સત્ નથી, પ્રાણવાયુ સત્ નથી, મન સત્ નથી, બુદ્ધિ સત્ નથી, ચિત્ત સત્ નથી. અને અહંબુદ્ધિ પણ સત્ નથી, પરંતુ આ સર્વનું અધિષ્ઠાનભૂત જે અતિ શુદ્ધ તત્ત્વ છે, તે એક સત્ અને સર્વથી પર છે. એ જ સત્ (સ્વરુપ બ્રહ્મ) હું છું.

પરબ્રહ્મ - પરમાત્માની સાચી ઓળખ જ્ઞાન એ જ પરમ સત્ય છે. બાકી બધી જ બાબતો ખોટી-અસત્ય અને 'અજ્ઞાન' સ્વરુપ છે.

મોહ-માયા-મમતા-સંબંધો-શરીર ભૌતિક સુખો પણ ભ્રમણા છે.

મન-ચિત્ત-બુદ્ધિ પણ ભ્રમ જ છે. દિવ્યજ્ઞાન શૂન્ય અને પરમ પ્રકાશ છે.

સુવિચાર

- કપડાનો જન્મ થયો એ દિવસે વિનયનુ મોત થયું - **માર્ક ટ્વેઈન**
- ઉનાળામાં સૂર્યના કિરણો પાણી શોષી જાય તેમ કાળરૂપી ઉંદરડો રાતને દિવસ માણસના આયુષ્યને પળે પળે ઓહિયો કરતો હોય છે - **ચાણક્ય**
- ઈતિહાસ એક શબઘર છે, બધાં એમાં પોતાના મરેલાં સગાને શોધે છે - **સંત ફ્રાન્સિસ**
- માનવજાતિના હિતનો કોઈ વિજય મેળવ્યા વગર મરતાં તમારે શરમાવું જોઈએ - **રોબર્ટ લી**
- કરુણા ભગવાનનો ગુણ છે, જે કરુણા બતાવે છે તે ભગવાનનું કાર્ય કરે છે - **વિનોબા ભાવે**
- કવિનું કામ મનુષ્યના આત્માનો ઉદ્ધાર કરવાનું નથી, પણ તેને ઉદ્ધાર ને પાત્ર બનાવવાનું છે - **જેમ્સ ફ્લેચર**
- આજનું ઔષધ : શીંગોડાને બાફીને ખાવાથી યુરીન ઈન્ફેકશન મટે છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

અબ્રાહ્મ લિંકન જુદા પ્રકારના જ વકીલ હતા. ગમે તેટલા પૈસા મળે તો પણ ખોટો કેસ તેઓ ક્યારેય લડતા નહીં. અને પોતાની ફીની ચિંતા કર્યા વિના વિરોધીઓ વચ્ચે સુમેળ સમાધાન કરાવી આપતા. પોતાના ઘોડા ઉપર કાયદાના પુસ્તકો મૂકીને કેસ લડવા જતા. ઘોડો પણ જરા હઠીલો હતો. તે પણ લિંકનને ઘણું હેરાન કરતો. છતાં તેઓ નારાજ ન હતા. એક વાર એ થોડા એ ઘોડા પણ કોર્ટમાં જતા હતા તેવામાં એક પરિચિત ખેડૂત ટોની મળ્યો. લિંકને ટોનીને કહ્યું, 'હલો ટોની, મજામાં છો ને ?' ટોનીએ કહ્યું, 'હું તમને જ મળવા આવવાનો હતો. આપણે મારા પડોશી ખેતરના માલિક જહોન કર્ટની પણ કોર્ટમાં કેસ દાખલ કરવાનો છે.' લિંકને કહ્યું, 'ટોની મહાશય, પણ મારા અંદાજ મુજબ આજ સુધી તમારે અને જહોનને ક્યારેક ઝઘડો થયો નથી બરાબરને ?' ટોની એ હા પાડી. લિંકને કહ્યું, 'મારા અંદાજ મુજબ જહોન પણ એક સદગૃહસ્થ અને સારો પડોશી છે, ખરું ને?' ટોનીએ કહ્યું, 'વીસ વર્ષથી તે મારા પાડોશી ખેડૂત છે તે સાચું, પણ તે સારો નથી, ઠીક છે.' લિંકને કહ્યું, 'તો તો વીસ વર્ષમાં સારા માઠા પ્રસંગે તમે એકબીજાને મદદરુપ તો થયા જ હશો ખરું ને?' ટોનીએ કહ્યું, 'હા, એવું તો વર્ષમાં એકાદવાર બને જ ને... 'લિંકને કહ્યું, 'ટોની મહાશય, આ મારો ઘોડો બહુ સારી જાતનો નથી, હું નવો ઘોડો પણ લઈ શકું, વળી આ ઘોડાની ખાસિયત અને ખામી બંને હું જાણું છું, મારું કામ એની સાથે ઠીક ઠીક ચાલે છે. વળી બીજો ઘોડો આનાથી પણ પણ સારો હોઈ શકે પણ એમાં પણ કંઈક તો ખામી હશે જ. આથી આ ઘોડા સાથે નિભાવી લેવામાં જ ઘોડાનું અને મારું ભલું છે.' લિંકને શાનમાં ટોનીને સમજાવ્યો. ટોની પણ સમજી ગયો. અને જહોન સામે કોર્ટ કેસ કરવાનું મુલત્વી રાખી નિભાવી લેવામાં શાણપણ બતાવ્યું.

પ્રજાથી વેગળો પડી ગયેલો પ્રજાસત્તાક દિન

તંત્રીસ્થાનેથી...

નવી પેઢી ઘણી વાર સ્વાતંત્ર્ય દિન અને પ્રજાસત્તાક દિનમાં ભેળસેળ કરી દે છે અથવા બેઉને એકમેકના પર્યાયવાચક માને છે. અંગ્રેજોએ દેશની સત્તા છોડી તે દિવસ એટલે કે પંદરમી ઓગસ્ટ આપણો સ્વાતંત્ર્યદિન છે. પરંતુ ૧૯૪૭ના એ દિવસે આપણી પાસે પ્રજાને સર્વસત્તાધીશ બંધારણ કયાં હતું? એટલે એ પછી પ્રજાને સજાને સર્વસત્તાધીશ અને રાષ્ટ્રને સૌર્વભૌમ ધર્મનિરપેક્ષ - સંસ્કારી રાષ્ટ્રની ગરિમા બક્ષતા બંધારણનો અમલ શરૂ થયો તે તારીખ એ આપણું પ્રજાસત્તાક પર્વ. પ્રજાસત્તાક દેશ હોવું એ ઘણી ગૌરવપૂર્ણ ઘટના છે. દુનિયામાં અમેરિકા સૌથી શ્રેષ્ઠ લોકતાંત્રિત રાષ્ટ્ર ભલે ગણાતું હોય પરંતુ વિશ્વની સૌથી મોટી લોકશાહી તો ભારત જ છે. ચીનમાં સામ્યવાદી એકહથ્થુ શાસન છે અને ખાડીના દેશો સહિત કેટલાક દેશોમાં હજુ પણ રાજાશાહી ચાલે છે. રાજાશાહીમાં પરંપરાગત કૌટુંબિક વારસદારોને જ સત્તા સાંપડતી હોય છે. સામ્યવાદી દેશોમાં માત્ર એક જ પાર્ટીનું શાસન ચાલતું રહે છે. લોકશાહીમાં પ્રજાને પૂરી સ્વતંત્રતા છે અને પોતાનો શાસક વર્ગ ચૂંટી કાઢવાની સીધી સત્તા છે. અદના ગ્રામીણ ગરીબને કે શહેરોની ગંદી ઝૂંપડપટ્ટીમાં વસતા માનવીને પણ આપણા દેશમાં રાષ્ટ્રપતિ જેવા સર્વોચ્ચ હોદ્દા માટે ચૂંટણીમાં ઊભા રહી ચૂંટાવાનો અધિકાર છે. વળી એ છેવાડાના નાગરિકનેય વડાપ્રધાન કે રાષ્ટ્રપતિની જેમ જ મત પોતાના પ્રતિનિધિ ચૂંટી કાઢવા માટે મત આપવાનો અધિકાર છે. પ્રજાસત્તાક દિનની ઉજવણી તે આપણી આ ભવ્ય લોકતાંત્રિક શાસન પ્રણાલીનું ગૌરવ ગાન છે. રાજધાની દિલ્હી સહિત તમામ રાજયોમાં એની પરંપરાગત રાષ્ટ્રભાવના સાથે ઉજવણી થાય છે. દિલ્હીની જેમ હવે તો રાજયોની રાજધાનીઓ ખાતે પણ વિવિધ પ્રકારના ટેબ્લો અને શક્તિપ્રદર્શન યોજાય છે, રેલીઓ નીકળે છે. વીર બાળકોમાં સન્માન થાય છે. સૌથી મોટું પ્રદરશન રાજપથ ખાતે યોજાય છે જેમાં આપણી સૈન્ય શક્તિ અને વિકાસની આલબેલ પોકારાતી રહે છે. પરંતુ આવાં પ્રદર્શનો માત્ર જોણાં બનીને રહી જાય છે. વિદેશી મહેમાનોને એથી ભારત ઘણું આગળ વધી ગયું હોય એવો ભ્રમ જરૂર સંપડાવી શકાય પરંતુ હકીકતમાં પ્રજા પાસે સાચી સત્તા આવી છે ખરી ? શું એને પોતાની ઈચ્છા મુજબના જ પ્રતિનિધિઓ મળે છે? જો એમ જ હોત તો જોઈતું જ શું હતું ? મની પાવર અને મસલ પાવર ઉપરાંત જ્ઞાતિ સમાજોની બોલબાલા વચ્ચે લોકશાહીની આબરૂના લીરા ઊડી રહ્યાં છે છતાં આપણે બાંધી મૂઠી લાખની રાખવા પ્રદર્શનો યોજના રહીએ છીએ, રોશની કરતા રહીએ છીએ, ત્રિરંગા ફરકાવતા રહીએ છીએ. 'ઝંડા ઊંચા રહે હમારા' થી લઈ 'જન ગન મન અધિનાયક જય હે' અને 'વંદે માતરમ્' સુધીનાં રાષ્ટ્ર ગૌરવ દર્શાવતાં ગાન ગૂંજતાં રહે છે. પણ શું એ માત્ર શાળા કૉલેજો કે સરકારી ઉપક્રમો પૂરતો કર્મકાંડ નથી બની ગયો ? પ્રજાસત્તાક દિનને હિંદુઓની દિવાળી - હોળી, મુસ્લિમો ઈદ કે ખ્રિસ્તીઓની નાતાલ જેવો દરજ્જો મળી શક્યો નથી તે શું કડવી વાસ્તવિકતા નથી ? છતાં સૌને પ્રજાસત્તા દિન મુબારક !

લાતો કે ભૂત બાતો સે નહીં માનતે...

ડાયલોગથી દેવભાષા
ડો. જય ઓઝા

લાતો કે ભૂત બાતો સે નહીં માનતે...
ધોસ્ટ ઓફ ધ કિક્સ નોટ લિસનીંગ ટુ ધ ટોક્સ...

- સલામ નમસ્તે

ઈ.સ. ૨૦૦૫માં આવેલી સૈફ અલીખાન અને પ્રીતિ ઝીન્ટા અભિનિત 'સલામ નમસ્તે' તે વર્ષની બ્લોકબસ્ટર ફિલ્મ રહી હતી, સિદ્ધાર્થ આનંદ દિગ્દર્શિત આ ફિલ્મનાં સંવાદ અબ્બાસ ટાયરવાલાએ લખ્યા હતા. અને પ્રસ્તુત સંવાદ આમ તો ઘણો જૂનો અને પ્રચલિત છે, પરંતુ ફિલ્મમાં જાવેદ જાફેરી જે રીતે મજાકીય અંગ્રેજી ભાષામાં બોલે છે, તે દર્શકો માટે નાવીન્ય પીરસે છે.

ખૂબ પ્રચલિત રૂઢિપ્રયોગ અને આ સંવાદને 'કુમારસંભવ' માં ખૂબ જ સરસ રીતે પ્રસ્તુત કરવામાં આવ્યો છે.

શામ્યેત્ પ્રત્યપકારેણ નોપકારેણ દુર્જનઃ ॥

- દુષ્ટને ઉપકારથી નહીં, અપકારથી જ શાંત કરવો જોઈએ.

પ્રસ્તુત પંક્તિ મહાકવિ કાલિદાસ વિરચિત મહાકાવ્ય 'કુમાર સંભવ' માંથી લીધી છે. સંસ્કૃત સાહિત્યનાં પાંચ મહાકાવ્યોમાં 'કુમાર સંભવ' નો સમાવેશ થાય છે. આ મહાકાવ્યમાં કુમાર કાર્તિકેયના પ્રાદુર્ભાવની વાત કરવામાં આવી છે.

આ મહાકાવ્ય ૧૭ સર્ગમાં વ્યાપ્ત છે, પરંતુ એવું માનવામાં આવે છે કે પહેલા ૮ સર્ગ જ કાલિદાસ રચિત છે, બીજા બધા પ્રક્ષેપક છે. કાલિદાસનો સમય ચોથી શતાબ્દિનો હોવાની માન્યતા છે. 'ઉપમા કાલિદાસસ્ય' ઉક્તિ પ્રમાણે કાલિદાસની વ્યંજના - ઉપમા બેજોડ છે. 'કુમાર સંભવ'નો જ એક શ્લોક જોઈએ જે તેમની અભિવ્યંજનાનું શ્રેષ્ઠ દૃષ્ટાંત છે.

એવં વાદિનિ દેવર્શૌ પાર્શ્વે પિતુરધોમુખી ।
લીલાકમલ પત્રાણિ ગણયામાસ પાર્વતી ॥

- દેવર્ષિ નારદ દ્વારા આવી (પાવર્તીના વિવાહ પ્રસ્તાવની) વાત કરવા પર, પિતા પાસે બેઠેલી પાર્વતીએ શીશ ઝુકાવીને હાથમાં રહેલ કમળની પાંખડીઓ ગણવાનું શરૂ કરી દીધું.

સંસ્કૃતનું નામ આવે એટલે કાલિદાસ જ યાદ આવે તેનું કારણ પ્રસ્તુત શ્લોકથી જાણી શકાય છે.

- jayuoza@gmail.com,
Mo. 9898046488

'નિસબત'નું લોકાર્પણ કરાયું

સાહિત્ય વૃત્ત
મૂળજીભાઈ પરમાર 'દધિ'

● ગુજરાતી દલિત સાહિત્ય પ્રતિષ્ઠાનના ઉપક્રમે સાહિત્યકાર ભી.ન. વણકર અને ધરમાભાઈ શ્રીમાળી દ્વારા સંપાદિત પુસ્તક 'નિસબત - ૨૦૧૮'નું વિમોચન અને લોકાર્પણ ૨૦-૦૧-૨૦૧૯ના રોજ, ડૉ. બાબાસાહેબ આંબેડકર હોલ ખાતે, સંસ્થાના પ્રમુક ડૉ. મોહન પરમારના અધ્યક્ષસ્થાને મૂર્ધન્ય સાહિત્યકાર-નવલકથાકાર ડૉ. કેશુભાઈ દેસાઈના વરદ્ હસ્તે કરવામાં આવ્યું. શાબ્દિક સ્વાગત રામ સોલંકી દ્વારા કરવામાં આવ્યું હતું. જયારે મહેમાનોનું સ્વાગત પુસ્તક અને પુષ્પગુચ્છથી ડૉ. મોહન પરમાર, નિલેશ, કાથડ, ધરમસિંહ પરમાર, મૂળજીભાઈ પરમાર દ્વારા કરવામાં આવ્યું હતું. ગાંધીનગર સાહિત્યસભાના મહામંત્રી અને નવલકથાકાર કલ્પેશ પટેલ દ્વારા 'નિસ્બત - ૨૦૧૮' માં સંગ્રહિત દલિત વાર્તાઓના તલસ્પર્શી અભ્યાસ સાથેનું વકતવ્ય રજૂ કરવામાં આવ્યું હતું. ડૉ. કેશુભાઈ દેસાઈ દ્વારા પ્રાસંગિક ઉદ્બોધન કર્યા બાદ ભી.ન.વણકર અને ધરમાભાઈ શ્રીમાળીએ સંપાદકીય પ્રવચન આપ્યું હતું. જયારે આભારવિધિ નટુભાઈ પરમારે કરી હતી. આ કાર્યક્રમમાં ગુજરાત રાજયના જુદા જુદા સ્થળેથી નિલેશ કાથડ, કનુભાઈ અસામલીકર, કુસુમબેન ડાભી, દશરત પરમાર, સંજય ચૌહાણ, રાધવજી માધડ, ચંદ્રિકાબેન સોલંકી, દલપત ચૌહાણ, સાહિલ પરમાર, પ્રો. હર્ષદ પરમાર, રમણ વાઘેલા, શંકર પેન્ટર, પ્રા. મુકેશ લેઉવા, તંત્રી અનિતા પરમાર અને ગાંધીનગર સાહિત્યસભાના પ્રમુખ નટવર હેડાઉ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

- muljibhaidadhi@gmail.com

ગાંધીની મંગળ સ્મૃતિ : આપણી દીશાદર્શક

ક્ષણના ચણીબોર
વી. એસ. ગઢવી

જગતના ઈતિહાસમાં જવલ્લેજ જેનો જોટો મળે તેવી ગાંધીજીના જીવનની અનેક ઘટનાઓ છે. બેરિસ્ટર મોહનદાસને તેમના આફ્રિકાના નિવાસ દરમિયાન પોતાના એક મિત્ર હેનરી પોલાક તરફથી એક પુસ્તક મળે છે. એ પુસ્તકમાં સ્પર્ધાત્મક તેમજ ભૌતિક સવલતો કોઈપણ ભોગે મેળવવા માંગતા સમાજની તીવ્ર આલોચના કરવામાં આવી હતી. આ પુસ્તક હવે તો જગ પ્રસિધ્ધ થયું છે. અર્થશાસ્ત્રી અને વિચારક જહોન રસ્કીનના આ પુસ્તકનું મથાળું 'ર્હ ૈરેજ ઝ્રટ્ટર્જ' હતું એ સુવિદિત છે. આ પુસ્તકમાં લેખકે લખ્યું કે નૈતિક મૂલ્યોના પાયા ઉપર સંકલિત તથા સર્વસમાવેશક અર્થવ્યવસ્થાની રચના થાય તો જ વિશ્વના લોકો ખરા અર્થમાં સુખી થાય. કોઈપણ સમાજની સાચી સમૃધ્ધિ તેના તમામ સભ્યોના ભલામા રહેલી છે. તે વાતનું લેખકે સમર્થન કર્યું. જ્હોન રસ્કિન જાણે કે "સર્વે ભવન્તુ સુખીનઃ" વાળું ઋષિસૂત્ર દોહરાવી રહ્યા હતા. પરંતુ આ પુસ્તક વાંચતાજ સારી કમાણી તથા શહેરી જીવન છોડીને સમૂહ જીવન જીવવાનો દ્રઢ સંકલ્પ આ યુવાન બેરિસ્ટરે એક ક્ષણના પણ વિલંબ સિવાય કર્યો. વીજળીના ચમકારે મોતીડા પરોવી લેવાની ગંગાસતીની વાત ગાંધીના જીવનમાં જગતે જોઈ. જે વિચાર આવ્યો તેના અમલ માટેની સુરેખ યોજના પણ તૈયાર થઈ. ડરબન નગરથી દૂર ઝરણા સાથેની વીસ એકર જમીન ગાંધીજીએ એક હજાર પાઉન્ડ ભરીને ખરીદી. સહકારી ધોરણે તથા શ્રમ આધારીત જીવન જીવવાની આ એક નૂતન પધ્ધતિ હતી. ગાંધીના અનેક ગોરા સાથીઓ પણ આ નૂતન પ્રયોગમાં જોડાયા. ગાંધી વસાહતના પિતા અને પાલક બન્યા. કસ્તુરબાનું માનું વાત્સલ્ય ફિનિક્સ વસાહતમાં મહોરી ઊઠ્યું. આશ્રય જીવનનો ખરા અર્થમાં પાયો નખાયો. ફનાગીરીના પંથે વિચારપૂર્વક નીકળેલા આ ભાવિ મહાત્મા જાતે મશાલ થઈને જગત કલ્યાણ માટે ઝળહળી ઊઠ્યા. કવિ હસિત બૂચે લખ્યું છે :

ફના થઈને ગાનારાંને
યાદ આવશે ગાંધી,
મશાલ જાતે થાનારાંને
સાથ આપશે ગાંધી.

નૂતન વર્ષ ૨૦૧૯ ની ૩૦ જાન્યુઆરીએ કાળને પણ સામી છાતીએ પડકારનાર આ વિશ્વમાનવની અમર ગાથા અનેક માનવીની સ્મૃતિમાં ફરી એક વખત આવશે તથા સુગંધ પ્રસરાવી જશે. પ્રાર્થના સભામાં જઈને સમગ્ર માનવજાતના ભલા માટે અંતરના ઊંડાણથી પ્રાર્થના કરનાર આ વૈષ્ણવ જનની દૈહિક હત્યા કવિ શ્રી બાલમુકુન્દ દવેના હૈયાને હચમચાવી નાખે છે. તેમાંથીજ એક અમર રચનાનું સર્જન થાય છે.

કોણે રે દૂભ્યો ને કોણે વીંધિયો ?
કલંકીએ કોણે કીધાં ઘા ?
કોણ રે અપરાધી માનવ જાતનો
જેને સૂઝી અવળા મત આ ?
રુધિરે રંગાયો હરિનો હંસલો !
પાંખ રે ઢાળિને હંસો પોઢિયો,
ધોળો ધોળો ધરણીને અંક,
કરુણા આંજી રે એની આંખડી
રામની રટણા છે એને કંઠ,
રુધિરે રંગાયો હરિનો હંસલો.
હિમાળે સરવર શીળા લેરતાં
ત્યાંનો રે રહેવાસી આ તો હંસ
આવી રે ચડેલો જગને ખાબડે
જાળવી ના જાણ્યો આપણ રંક !
રુધિરે રંગાયો હરિનો હંસલો !

કોઈપણ કાળની સાંપ્રત સ્થિતિને શબ્દસ્થ કરીને અમર થયેલી કેટલીક રચનાઓમાં કવિ શ્રી બાલમુકુન્દ દવેની આ રચનાને અગ્રસ્થાને મૂકવી પડે તેવી છે. ૩૦ જાન્યુઆરી-૧૯૪૮ ના દિવસે ગાંધી મારફત જગતભરની સારમાણસાઈ પર થયેલા હૂમલાની વ્યથા કવિએ ૦૮ ફેબ્રુઆરી-૧૯૪૮ ના રોજ કાગળ પર લોહી નીતરતી કલમે ઉતારી છે. પરલોકમાંથી આવેલા ગાંધી નામના હંસને " આપણે સૌ રંક લોકો " સાચવી ન શક્યા તેનો ભરપૂર વસવસો કરીને કવિએ કરોડો વિશ્વનાગરિકોની લાગણીને અસરકારક વાચા સમયસર આપેલી છે.. કોઈ વ્યક્તિએ અન્ય કોઈ વ્યક્તિની તો શું પરંતુ કોઈ સૂક્ષ્મ જીવની પણ હત્યા કરી હોય તો આપણી સંસ્કૃતિમાં તે વાતનું સમર્થન કરવામાં આવેલું નથી. અહીં તો કવિ કહે છે કે જેની નિર્મમ હત્યા થઈ છે તે માનવજાતનો પ્રતિનિધિ હતો. આથી ગાંધીની દૈહિક હત્યા કરનારને કવિએ ખૂબજ અર્થસભર રીતે માનવજાતનો અપરાધી ગણ્યો છે. ગાંધી તેમના સાંપ્રત કાળમાંજ નહિ આજે પણ માનવજાતના માર્ગદર્શક રહેલા છે. ગાંધીને કોઈ વાડા કે વાદમાં સમાવી શકાય તેમ નથી. જ્યારે જ્યારે માનવતા સામે પડકારો ઊભાં થશે ત્યારે લોકો ક્ષિતિજ પર ક્યાંક ગાંધીને શોધવા પ્રયાસો કરશે. એ કાળ કે સંદર્ભ ગમે તે હોય તો પણ વાવાઝોડા સામે ટકે તેવું વ્યક્તિત્વ અને તેવો વિચાર એ ગાંધીજ છે.

ગાંધીજીનો ઉચિત મહીમા કરવા માટે તેમણે બતાવેલા માર્ગે એકાદ બે ડગલા ચાલવાનો નિર્ધાર કરીએ તો ગાંધી નિર્વાણ દીવસની ઉજવણી સાર્થક બની શકે. આજની અજંપાભરી સ્થિતિમાંથી ઉગરવાનો માર્ગ ગાંધી વિચારમાં છે. ગાંધીની પ્રશંસા કરતાં વિશેષ મહત્વ તેમનું યથાશક્તિ અનુસરણ કરવામાં છે. માનવની શક્તિના સર્વોચ્ચ દર્શન ગાંધીજી કરીને ગયા. સામાન્ય જન તરફની સંવેદનશીલતા એજ ગાંધીજીનું તર્પણ છે. માનવીય ગૌરવને ઉજાગર કરવા ગાંધી જીવી ગયા. આ વાત વેડછીના વડલા સમાન જુગતરામ દવેએ અર્થસભર શબ્દોમાં લખી છે :

એનું જીવન કાર્ય અખંડ તપો
અમ વચ્ચે બાપુ અમર રહો.
એણે જીવતાં રામ સદાય રટ્યાં
એ તો રામ વદીને વિદાય થયાં
લઘુ માનવમાં મહિમા ભરવા
નિજ લોહી અશેષ વહાવી ગયા.

પંડીત ખરેજીની માર્ચ રામધૂન દાંડી કૂચથી આજ સુધી સતત અવિરત

ગાંધી ૧૦૦
ડો. રાજેન્દ્ર જાની

દાંડીયાત્રાની શરૂઆત થઈ. દાંડીકૂચની આગલી રાતે જ લોકોની ઠઠ જામી પોતાના ઘરથી પ્રાર્થનાભૂમિ સુધી જતા લોકોએ પંડિતજીને ઘેરી લીધા. રસ્તે ચાલતા જ પંડિતજીએ ભજન ઉપાડ્યું: 'જબ જાનકીનાથ સહાય કરે, તબ કોન બિગાડ કરે નર તેરો'?- ના સૂરો પર જનતા હિલોળે ચડી પછી એમણે ધૂન ઉપાડી. 'રઘુપતિ રાઘવ રાજારામ, પતિત પાવન સીતારામ'. અને પંડિત નારાયણ મોરેશ્વર ખરેની રામધૂન લાખો લોકોના હૃદય સુધી પહોંચી ગઈ. છેક દાંડીકૂચથી આજ દિન સુધી આ રામધૂને લોક હૃદયમાં સ્થાન જમાવ્યું છે.

નારાયણ ખરેને યાદ કરતા મુરબ્બી શ્રી નારાયણભાઈ દેસાઈ લખે છે અભિવ્યક્તિ એ સંગીતના માધ્યમથી થઈ શકે એનું આ એક ઉદાહરણ હતું. લોકોને કંઈક કહેવું હતું, કાંઈક કરવું હતું, કાંઈક આપવું હતું, ગાંધીજીના પગલાં સાથે મેળવી અને પંડિતજીની રામ રામ ધૂન સાથે તાલ મેળવીને એ કહેવાતું હોય એ થતું હોય એ અપાતું હોય એવું એમણે અનુભવ્યું. રઘુપતિ રાઘવ રાજા રામ ની ધૂન આટલી લોકપ્રિય શાને થઈ? એવો પ્રશ્ન પૂછતા અને વળતો જવાબ આપતા તેઓ લખે છે, રામ રઘુકુલ તિલક હતા તેથી? ના. રામ સીતા પતિ હતા તેથી? ના. રામધૂન લોકપ્રિય થઈ એટલા માટે કે એમાં રામના વર્ણન તરીકે 'પતિતપાવન' શબ્દ આવતો હતો. એ અવતાર લોકોથી દૂર રહેનાર મર્યાદાપુરુષોત્તમ નહીં પણ પતિતોને પણ પાવન કરનાર હતો. તેનું જ લોક હૃદયમાં આકર્ષણ હતું. લાખ લાખ કંઠોએ ધૂન ગાતા પોતે પણ પાવન થવાની જાણતાં કે અજાણતા આશા સેવી હશે.

ગાંધીજીની લોકપ્રિયતાનું રહસ્ય પણ એ જ હતુ.ગાંધી મોહનમાંથી મહાત્મા થયા હતા સાધારણ માણસ પણ કેટલો ઉદાસ થઈ શકે એનો એમણે નમૂનો પૂરો પાડ્યો હતો. લોકોથી દૂર સર્વે ગુણો ઈશ્વર પાસેથી જ લઈને અવતરેલા એ નેતા ન હતા. એ મારા તમારા જેવા સાધારણ માણસ હતા ભૂલો કરતા પડતા-આખડતા પણ સત્યનો છેડો પકડીને તેમાંથી મહાત્મા ગાંધીના જીવનનું એક અત્યંત આકર્ષક તત્વ હતું.

'રઘુપતિ રાઘવ રાજારામ, પતિત પાવન સીતારામ' ઉપાડેલી ધૂન લોક હૃદયમાં હજુ અકબંધ

તેથી જ દાંડીકૂચમાં ગાંધી સાથે કદમ મેળવવા અને રામ સાથે તાલ મેળવવા જનતાને પોતાના અંતરની અલખ જગાવતા લોક મેદનીની તસવીર નારાયણભાઈને સદા સત્યાગ્રહની લાક્ષણિક તસવીર લાગી છે. પંડિતજીની એના પડઘા સાબરમતી અને મહીસાગરના કોતરોમાં, નર્મદા તાપી ઉછળતા મોજાઓમાં ગાંધીજીના સત્યાગ્રહ અને ભારતની કોટી કોટી જનતાનાં હૈયામાં'- એમ નારાયણભાઈ એક જ ફકરામાં લખાણ કરીને પંડિત ખરે અને ગાંધીજીના અદભૂત સંયોજનને શબ્દાંજલી અર્પે છે.

ગુજરાતના ભક્તિસંગીતને નારાયણ મોરેશ્વરની એક અદભૂત ભેટ મળી છે આશ્રમ ભજનાવલિ ના સ્વરૂપે. આ આશ્રમ ભજનાવલિ માં સમાવવામાં આવેલા ભજનોની પસંદગીમાં મહાદેવ દેસાઈ, કાકાસાહેબ કાલેલકર અને વિનોબાજીની મદદ મળી હતી. આશ્રમ સારુ કયું ભજન સારું?, કયું યોગ્ય અને કયું અયોગ્ય? ની લાંબી ચર્ચા વિચારણા પછી આશ્રમ ભજનાવલિ ના ભજનો સંકળાયા હતા. આ ભજનોને સૂર આપ્યા પંડિતજીએ. મજાની વસ્તુ એ પણ છે કે નવજીવન પ્રકાશનની દરેક નવી આવૃત્તિએ એમાં ફેરફારો પણ થતા ગયા. એની લાખો નકલો જનતા સુધી આશ્રમની મૂડીની ગુજરાત અને ભારતની જનતા સુધી લ્હાણી થઈ. ભજનાવલિ નાગરી લિપિમાં પ્રગટ થવાથી પણ રાષ્ટ્રીય એકાત્મતાની દ્રષ્ટિએ વાત થઈ પ્રાચીન ભારતના દર્શનની ગંગાને પાંડિત્યની જટામાંથી મુક્ત કરવાનું ભગીરથ કાર્ય આપણા સંતોએ કર્યું. પંડિતજીએ આશ્રમ ભજનાવલિ દ્વારા સંતોની પ્રસાદી પીરસવાનું કામ કર્યું. પંડિતજીએ આવા તો અનેક કામો કર્યા હતા. સંગીત સૂરની સુરાવલીઓ તેમણે ગાંધીના સથવારા અને સહચર્ય માં ખેડી હતી.

પંડિત નારાયણ ખરેરા જીવનનો એક લાક્ષણિક પ્રસંગ ભૂદાન યાત્રા વખતે વિનોબાજીના મોઢે નારાયણભાઈને સાંભળવા સાંભળ્યો હતો. નાગપુર પાસે એક અત્યંત રમણીય સ્થાન છે, કાલિદાસના મેઘદૂતનું એ જ રામાગિર્યઆશ્રમ. એક સમયે પંડિતજી વિનોબા અને બીજા કેટલાકને એ તરફ જવાનું થયું જમનાલાલજી બજાજ પણ તેમની સાથે ખરા. ટેકરી ઉપર મંદિર સુધી જઈ આવવાની ઈચ્છા પ્રગટ કરી. સંઘ ટેકરી પર ચડ્યો મંદિરમાં જઈને એ રમણીય વાતાવરણમાં પંડિતજીની ધીરે-ધીરે આવા સ્થળે આવ્યા છીએ તો નૈવેદ ચઢાવ્યા વિના જવાનું મન થતું નથી. વિનોબા સમજી ગયા ને તંબુરો મંગાવ્યો. અને પછી પીરસાવા લાગ્યો સુરોનો નૈવેધ. ભક્તિ હેલે ચડી એક પછી એક રાગ દેવ ચરણે ધરાવા લાગ્યા. બીજા લોકો તો નીચે ઉતરી ગયા પણ વિનોબા બેઠા રહ્યા તે. દિવસે પંડિતજીએ બાંસઠ રાગોનું નૈવેદ દેવને ચરણે ખેરજીએ ચડાવ્યું. તેમના સંગીતમાં શિવશક્તિ પ્રગટ થતી હતી. તેઓ ભલેને સંગીતના સાધક હોય પરંતુ એક વખત પોતાના સંગીત ગુરુએ મહાત્મા ગાંધીજીને તેમની ભેટ ધરી દીધી પછી પંડિતજીએ પોતાની જાત સંગીતના સહારે ગાંધીની સાથે જોડી દીધી અને આજીવન તેમણે સંગીતની સાધનાની સાથે આઝાદીના જંગમાં પોતાની જાતને જોડી દીધી. આવા પંડિત નારાયણ મોરેશ્વર ખરે વિશે નારાયણભાઈ દેસાઈ પણ 'જો મને કેમ વીસરે રે' - એમ કહી ને યાદ કરતા હોય તો આપણે પણ ખરેજીને કેમ વિસરી શકીએ?